**નવી બાબત ૨૦૨૧-૨૨**
અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓની સ્માર્ટ સ્કુલ કરવા બાબત
રૂ.૧૪૦.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૨૯૮૧૮/ન.બા.૩૯/ગ
સચિવાલય, ગાંધીનગર
તા./૦૯/૨૦૨૧

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૧/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૨૦-૨૧/૭૬૮-૬૯
(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૮/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૨૦-૨૧/૨૦૨૯

આમુખ:

રાજ્યમાં હાલ ધોરણ ૯ થી ૧૨ માટેની અનુસૂચિત જાતિની ૨૮ આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના પત્રથી નિયામકશ્રી(અજાક) દ્વારા રાજ્યમાં કાર્યરત કુલ ૨૮ અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં શાળાદીઠ બે વર્ગોની સ્માર્ટ સ્કુલ ઉભી કરવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં રૂ.૧૪૦.૦૦ લાખની નવી બાબતને સમાવવા દરખાસ્ત કરવામાં આવેલ, જે અનવ્યે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં રૂ.૧૪૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારબાદ નિયામકશ્રી(અજાક) દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:(૨) ના પત્રથી રાજ્યમાં કાર્યરત કુલ ૨૮ અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં શાળાદીઠ બે વર્ગોની સ્માર્ટ સ્કુલ ઉભી કરવા માટે રૂ.૧૪૦.૦૦ લાખની ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં કાર્યરત કુલ ૨૮ અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં શાળાદીઠ બે વર્ગોની સ્માર્ટ સ્કુલ ઉભી કરવા માટે રૂ.૧૪૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અનવ્યે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાનાં નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજૂરી અનવ્યે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) સરકારી ખર્ચમાં કરકસર અંગેનાં નાણા વિભાગના તા.૨૨/૦૬/૯૪ના પરિપત્ર ક્રમાંક:ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૦૫/૯૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૦૯/૦૯/૯૮ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)-ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતોવખતની સૂચનઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૨) આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃતિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઇડલાઇન્સ ન હોય ત્યાં તે ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૩) આ યોજના અંગે કોઈ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.03/૦૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:એસ.પી.ઓ.-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ થી સૂચવવામાં આવેલ કાર્યપધ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઇ-માર્કેટપ્લેસ(જી.ઇ.એમ.) પોર્ટલ પરથી કરવાની રહેશે.

(૧૪) વંચાણે લીધેલ ક્રમાંક:(૧)ના પત્રમાં દર્શાવ્યા અનુસારના "ટેકનિકલ સપોર્ટ- સ્કૂલ કો-ઓર્ડિનેટર" પ્રતિમાસ રૂ.૧૦,૦૦૦/-ની સેવાઓ ૧૧-માસ આઉટસોર્સથી મેળવવાની રહેશે. ૧૧ માસ બાદ પછી પુન: નાણા વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગોનું કલ્યાણ ,પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, SCW-૭૮ સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓના સ્થાપના અને વિકાસ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૯/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ. ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૧